Sunday
02.04.2023
*Volume :7 * Issue No.243
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily


RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-

# નિરમા યુનિવર્સિટીની ઈન્સ્ટિટ્યૂટ ઑફ લૉ આયોજિત કૉન્ફરન્સનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે ઉદઘાટન

## નિરમા યુનિવર્સિટીની ઈન્સ્ટિટયૂટ ઓફ લો આયોજિત કોન્ફરન્સનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે ઉદઘાટન


- **વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારતની વિદેશ નીતિનો સુવર્ણ કાળ ચાલી રહ્યો છે**
- **વૈશ્વિક મંચો પર ભારતની ભૂમિકા અને સ્થાન મજબૂત બન્યા છ**
- **આ કોન્ફરન્સ ઉન્નત ભારતના નિર્માણમાં ઉદ્દીપક બનશે એવી આશા છે**
- **યુવા પેઢીનો રાજકારણ તથા વૈશ્વિક પ્રવાહો પ્રત્યે જોવાનો અભિગમ બદલાયો છે**



કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે નિરમા યુનિવર્સિટીની ઈન્સ્ટિટયૂટ ઑફ લૉ દ્વારા આયોજિત મોડલ યુનાઈટેડ નેશન્સ ૨.૦ કૉન્ફરન્સના ઉદઘાટન પ્રસંગે જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ યુવાશક્તિને ન્યૂ એજ વોટર નહિ ન્યૂ એજ પાવર બનાવવાની ખેવના રાખી છે. યુવાનોની પ્રતિભા વિકસાવવા માટેના મંચ પૂરા પાડવા સરકાર પ્રતિબદ્ધ છે. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં યુથ એસેમ્બલીનું આયોજન કરવામાં આવ્યું હતું, એમ પણ તેમણે ઉમેર્યું હતું. મૉડલ યુનાઈટેડ નેશન્સ ૨.૦ વિષય પર યોજાઈ રહેલી બે દિવસીય કૉન્ફરન્સમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતની વિદેશ નીતિનો સુવર્ણ કાળ ચાલી રહ્યો છે. વૈશ્વિક મંચો પર ભારતની ભૂમિકા અને સ્થાન મજબૂત બન્યા છે. યુ.એન જેવા આંતરરાષ્ટ્રીય મંચો પર વડાપ્રધાનશ્રીની પહેલથી વિશ્વ યોગ દિવસ મનાવવાનું શરૂ થયું અને ૨૦૨૩નું વર્ષ મિલેટ્સ યર તરીકે ઊજવાઈ રહ્યું છે. મહાસત્તાઓ માટે પણ ભારતનો દષ્ટિકોણ મહત્ત્વપૂર્ણ બન્યો છે, એવું તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી નેતૃત્વમાં ભારત આજે જી-૨૦ની અધ્યક્ષતા કરી રહ્યું છે. પોલિસી ડ્રીવન સ્ટેટ તરીકે નામના ધરાવતા આપણા રાજ્યને જી-૨૦ની ૧૫ જેટલી બેઠકોની યજમાની કરવાની તક મળી છે, એ ગૌરવની વાત છે. છેલ્લાં ૯ વર્ષમાં યુવા પેઢીનો રાજકારણ તથા વૈશ્વિક પ્રવાહો પ્રત્યે જોવાનો અભિગમ બદલાયો છે, એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે યુવાનોને વિશ્વના પ્રવર્તમાન પ્રવાહોને સુસંગત અને વધુ સજ્જ બનાવવા આ કોન્ફરન્સ સક્ષમ પ્લેટફોર્મ બની રહેશે તથા આ કોન્ફરન્સ ઉન્નત ભારતના નિર્માણમાં ઉદ્દીપક બનશે એવી આશા છે. ઉદઘાટન સમારંભમાં નિરમા યુનિવર્સિટીના મોભી શ્રી કરશનભાઈ પટેલ, નિરમા યુનિવર્સિટીના ઉપપ્રમુખ શ્રી કે. કે. પટેલ, ડિરેક્ટર જનરલ શ્રી અનુપસિંહ, ઈન્સ્ટિટ્યૂટ ઑફ લૉ ના વડા પ્રો. ડૉ. મધુરી પરીખ ઉપરાંત ફેકલ્ટી મેમ્બર્સ તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ભારત ઘણા વાઈબ્રન્ટ મેળાઓનું ઘર છે જે આપણા રાષ્ટ્રની અનન્ય સાંસ્કૃતિક પાસાઓને દર્શાવે છે: પ્રધાનમંત્રી









કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ભારત ઘણા વાઈબ્રન્ટ મેળાઓનું ઘર છે જે આપણા રાષ્ટ્રના અનન્ય સાંસ્કૃતિક પાસાઓને દર્શાવે છે. શ્રી મોદીએ એમ પણ કહ્યું કે માધવપુર મેળો એવો જ એક અસાધારણ મેળો છે જે ગુજરાત અને પૂર્વોત્તરને પણ સાથે લાવે છે. કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી શ્રી કિરેન રિજિજુના ટ્વીટના જવાબમાં, પ્રધાનમંત્રી ટ્વીટ કર્યું; "ભારત ઘણા વાઈબ્રન્ટ મેળાઓનું ઘર છે જે આપણા રાષ્ટ્રના અનન્ય સાંસ્કૃતિક પાસાઓનું પ્રદર્શન કરે છે. માધવપુર મેળો એવો એક અસાધારણ મેળો છે જે ગુજરાત અને પૂર્વોત્તરને પણ સાથે લાવે છે. મેં #MannKiBaat એપિસોડમાં પણ તેના વિશે વિગતવાર વાત કરી હતી.

# મંત્રી શ્રી ઋષિકેશ પટેલ દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજી

## ૧૭ એપ્રિલ થી સોમનાથ ખાતેથી સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમનો પ્રારંભ : મંત્રીશ્રી ઋષિકેશ પટેલ

### સૌરાષ્ટ્રવાસી તમિલોને આવકારવા કરાયું આહવાન



- **રાજકોટ ખાતે બિઝનેસ- ટેક્સટાઇલ સેમીનારો યોજાશે**
- **આર્થિક-સાંસ્કૃતિક ક્ષેત્રે ગુજરાત અને તમિલનાડુનું અનોખું સંધાન રચાશે**
- **પ્રધાનમંત્રીશ્રીના 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની સંકલ્પના મૂર્તિમંત થશે**

કમલમ્ ન્યુઝ,

વિશ્વની સૌથી મોટી ગણવામાં આવતી હિજરતમાની એક એટલે આપણા સૌરાષ્ટ્રવાસીઓનું તામિલનાડુમાં હિજરત થવું. ભારતવર્ષના તમિલનાડુ રાજ્યમાં ૨૫ લાખ કરતા વધારે સૌરાષ્ટ્રવાસી સમુદાય પોતાની જૂની સૌરાષ્ટ્રવાસી તરીકેની ઓળખ તેમજ પોતાના સૌરાષ્ટ્ર વિસ્તારની પરંપરા અને વારસાને અકબંધ રાખી નિવાસ કરી રહ્યો છે. ૧૦૨૪ની સાલમાં મોહમ્મદ ગઝનીના આક્રમણ સમયે દરિયાઈ માર્ગે સોમનાથ પ્રભાસ પાટણ, વેરાવળથી અને આજુબાજુના વિસ્તારમાંથી સામુહિક સ્વરૂપે વસતા સૌરાષ્ટ્રવાસીઓ દરિયાઈ માર્ગે હિજરત કરી ખંભાત, સુરત અને ત્યારબાદ વિજયનગર સામ્રાજ્યમાં આશરો લઈ રહ્યા હતા. વિજયનગરના પતન બાદ રેશમ વણાટ કામ અને અન્ય હસ્તકલાઓમાં કૌશલ્ય ધરાવતા આ સમુદાયને મદુરાઈના રાજવંશ મહારાજાએ રાજ્યાશ્રય આપ્યો હતો. ૧૫૦૦ની સાલથી આ સમુદાય મદુરાઈ તેમજ આજુબાજુના વિસ્તારની અંદર સ્થાયી થયો છે. સૌરાષ્ટ્ર તમિલ સંગમે ગુજરાત અને ભારતવર્ષમાં અભૂતપૂર્વ કાર્યક્રમ થવા જઈ રહ્યો છે. ત્યારે આરોગ્ય- સંસદીય બાબતોના કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલએ જણાવ્યું હતું કે, તમિલનાડુમાં વસેલા આપણા ભાઈઓ-બહેનોમા પોતાના વતન પરત ફરવાનો, પોતાના મૂળ સાથે જોડાવાનો અને પોતાની મૂળ સંસ્કૃતિને ઓળખવાનો અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જ્યારે ગુજરાત સરકારના આઠ મંત્રીઓ તમિલનાડુના આઠ વિવિધ સ્થાનો પર આમંત્રણ આપવા ગયા હતા ત્યારે ત્યાં સૌરાષ્ટ્ર તમિલ સમુદાયમાં ગુજરાત આવવાનો, પોતાના મૂળ સાથે જોડાવા માટેનો અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો. માત્ર મંત્રી તરીકે નહીં પણ એક ગુજરાતી તરીકે પણ ખૂબ આદર સત્કાર અને આવકારનો ભાવ મળ્યો હતો ત્યારે તમિલનાડુથી આવતા આ ભાઈઓ-બહેનોને આદરભાવથી આવકારી, સૌરાષ્ટ્રની મહેમાનગતિ-પરોણાગતિનો અનુભવ કરાવવાનો છે. આ કાર્યક્રમ અંતર્ગત ૧૭ એપ્રિલથી વિવિધ કાર્યક્રમ યોજવાના છે. જેમાં આપણી સંસ્કૃતિ, આપણું ભોજનથી આપણે તેમને ફરી જોડીશુ, સાથે જ વિવિધ રમતો જે આપણા સૌરાષ્ટ્ર અને ત્યાં પણ રમાય છે તેવી વિવિધ રમતો સાથે પણ જોડવાના છીએ. આ સાથે જ રાજકોટ ખાતે બિઝનેસ, ટેક્સટાઈલ જેવા વિવિધ સેમીનારો પણ યોજવામાં આવશે. ૧૭ એપ્રિલ થી ૩૦ એપ્રિલ દરમિયાન ૧૫ દિવસના આ પ્રવાસમાં યજમાન ગુજરાત, વેબસાઈટ પર રજીસ્ટ્રેશનમાં સિલેક્ટ થયેલા મહેમાનોને સ્પેશ્યલ ટ્રેન વડે અહીં લાવશે, ત્યારબાદ સોમનાથ, પોરબંદર, દ્વારકા, રાજકોટ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી (એકતા નગર), જેવા સ્થળોની મુલાકાત પર લઈ જશે. કાર્યક્રમનું મુખ્ય સ્થળ સોમનાથ રહેશે જ્યાં ૧૫ દિવસ દરમિયાન, કલા, સંસ્કૃતિ, ઉદ્યોગ-વાણિજ્ય, યુવા અને અને શિક્ષણ સંબંધિત કાર્યક્રમોના આયોજન થવા જઈ રહ્યા છે. હાલ સુધીમાં તમિલ સંગમ કાર્યક્રમ માટે આશરે ૨૫ હજાર જેટલા લોકોનું રજીસ્ટ્રેશન થઈ ચૂક્યું છે. જેમાં ૯૭૭૧ જેટલી સ્ત્રીઓ ૧૪,૭૪૯ પુરુષો અને ૩ (ત્રણ) ટ્રાન્સજેન્ડરનો સમાવેશ છે. રાજ્ય સરકાર દ્વારા ૩૦૦૦ જેટલાં લોકોને ટ્રેન મારફતે ગુજરાત લાવી તેમની મહેમાન ગતિ કરવામાં આવશે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. કલા, સંસ્કૃતિ, વાણિજ્ય-ઉદ્યોગ, યુવા અને શિક્ષણ આ સંગમ ના મુખ્ય આધાર બિંદુઓં છે. જેમાં કલા અંતર્ગત ચિત્રકામ, પર્ફોર્મિંગ આર્ટ, ડ્રામા પ્રદર્શન, સાહિત્ય, બીચ/સેન્ડ આર્ટ, પરંપરાગત લોક સંગીત હસ્તકલા સંસ્કૃતિ અંતર્ગત શિલ્પ સ્થાપત્ય, ભાષાઓ, વાનગીઓ અને હેરીટેજ વાણિજ્ય-ઉદ્યોગ અંતર્ગત શોપિંગ ફેસ્ટિવલ, કાપડ અને હેન્ડલૂમ, બિઝનેસ મીટ, પ્રદર્શન,યુવા અંતર્ગત રમતગમત, સંવાદ, શિક્ષણ અંતગર્ત શૈક્ષણિક પ્રદર્શન, ગુજરાતી અને તમિલ ભાષાના વર્કશોપ જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલું છે. પંદર દિવસ ચાલનાર આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે હજારોની સંખ્યામાં રજીસ્ટ્રેશન આવી રહ્યા છે ત્યારે આ ઉત્સવની સફળતા અત્યારથી દેખાઈ રહી હોય એવું લાગી રહ્યું છે.મંત્રીશ્રીએ સૌરાષ્ટ્રવાસીઓને આહવાન કરતા કહ્યું હતું કે, આ કાર્યક્રમમાં સરકાર તો કામ કરી જ રહી છે પરંતુ લોક ભાગીદારી પણ તેમાં ખૂબ આવશ્યક છે. દાદા સોમનાથની ધરતી પર સૌરાષ્ટ્રના આપણા ભાઈઓ-બહેનોને આવકારવા, રાજા દ્વારકાધીશની ધરતીનો તેમને ફરી અનુભવ કરાવવા,રંગીલા રાજકોટવાસીઓ -સૌરાષ્ટ્રવાસીઓ ને તમિલથી આવતા સૌરાષ્ટ્રવાસી ભાઈઓ- બહેનોને પોતિકાપણાનો અનુભવ કરાવી, તેમને પોતાના ઘરે આવ્યાનો અનુભવ કરાવવા અનુરોધ કર્યો હતો. પૂર્વ કુલપતિ શ્રી કમલેશભાઈ જોશીપુરાએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર તમિલ સંગમમાં તમિલનાડુમાં સૌરાષ્ટ્રવાસી તમિલોનું શ્રેષ્ઠ પ્રદાન છે તેમને ખાસ ગુજરાત આમંત્રિત કરવામાં આવ્યા છે.જેમાં ૨૦૦૫માં જેમણે આ કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો તેવા વિશ્વવિખ્યાત ગેસ્ટ્રોએન્ડ્રોલોજીસ્ટ શ્રી ચંદ્રશેખરજી, હ્યુસ્ટન સ્થિત રાધા પરશુરામનજી, ૭ જેટલા આઈએએસ, ૫ જેટલા હાઈકોર્ટના અધિકારીઓ અને સંસદના પી.આર.ઓ. શ્રી ગણેશ ગુજરાત આવનાર છે.

આ સાથે જ તમિલનાડુના નવ સ્થાનો પર થયેલા રોડ શો અને મીટીંગ કાર્યક્રમો દરમિયાન ૧૨ ડિસ્ટ્રિક્ટ જજની કેડરના અધિકારીઓ ગુજરાત આવશે. ત્યારે સૌરાષ્ટ્રવાસી તમિલોને જાણે ગર્ભનાળ સાથે જોડવાનો અનેરો ઉત્સવ આગામી ૧૭ એપ્રિલ સોમનાથ ખાતેથી પ્રારંભ થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, પોતાની વૈદિક સંસ્કૃતિને બચાવવા દરિયાઈ માર્ગે હિજરત કરીને તમિલનાડુ ગયેલા આ સૌરાષ્ટ્રવાસીઓ ફરીથી સૌરાષ્ટ્રમાં ભગવાન સોમનાથની નિશ્રામાં એકઠા થવાના છે. ત્યારે સૌરાષ્ટ્રમાં પણ જાણે કોઈ પોતાના ગયેલા વર્ષો બાદ મળવા આવી રહ્યા હોય તેવું વાતાવરણ અનુભવાઈ રહ્યું છે. આ સમુદાયને ફરીથી વર્તમાન ગુજરાત સાથે જોડવાના પ્રયત્નો ૨૦૦૫થી કરવામાં આવી રહ્યા હતા અને ૨૦૧૦ની અંદર તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મદુરાઈ ખાતે વિરાટ સૌરાષ્ટ્ર સંગમનું આયોજન કરેલું હતું. પણ સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત આવો અભૂતપૂર્વ કાર્યક્રમ થવા જઈ રહ્યો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની સંકલ્પના અને તેમની જન સમુદાયને પોતાના મૂળ સાથે જોડવાની પરિકલ્પના આ કાર્યક્રમથી મૂર્તિમંત થવા જઈ રહી છે. વર્ષોથી તમિલનાડુમાં વસેલા આ સૌરાષ્ટ્રવાસીઓ આજે પણ સૌરાષ્ટ્રના રિતીરિવાજ, લગ્ન પદ્ધતિ, યજ્ઞ, ભજન સંસ્કૃતિ, સાંસ્કૃતિક વારસાને જાળવીને પણ ત્યાં દૂધમાં સાકરની જેમ ભળી ગયા છે. ૧૨૦૦ વર્ષ પછી આજે આ સમુદાયએ તમિલનાડુમાં સૌરાષ્ટ્રવાસી તમિલ તરીકે પોતાની ભૂમિ, ભાષા, સંસ્કૃતિ, સાહિત્ય, વણાટ કલા સર્વેનો વારસો જાળવી તમિલનાડુમાં દરેક ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપ્યું છે.

સામાન્ય રીતે આપણા ગુજરાતી ભાઈ-બહેનો દેશભરના અનેક રાજ્યમાં તેમજ વિશ્વમાં અનેક દેશોમાં પણ છે પરંતુ સૌરાષ્ટ્રમાંથી આ તમિલ સમુદાય અને મૂળ ગુજરાતી એવા સમુદાયની ખાસિયત વચ્ચે થોડો તફાવત એ છે કે, સૌરાષ્ટ્રવાસી આ સમુદાય સામૂહિક રીતે હિજરત કરી ગયા પછી પોતાના મૂળથી સંપૂર્ણ કપાઈ ગયો હતો. આમ છતાં તેણે પોતાની તમામ પ્રકારની સૌરાષ્ટ્રવાસી તરીકેની પ્રણાલિકાઓ અખંડ રીતે જાળવી રાખી છે.

# એ.પી.એમ.સી વિસનગર ખાતે આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં આરોગ્યના વિવિધ પ્રકલ્પોનો કાર્યક્રમ યોજાયા



કમલમ્ ન્યુઝ, મહેસાણા

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની ગરિયમામય ઉપસ્થિતિમાં એ.પી.એમ.સી વિસનગર ખાતે ઈન્ડસ ટાવર,ગુજરાત લીમીટેડનાં CSR ફંડના સહયોગથી નવીન આધુનિક ચાર એમ્બ્યુલન્સોના લોકાર્પણ,એ.પી.એમ.સી,વિસનગર સહયોગથી મેગા બ્લડ ડોનેશન કેમ્પ,કેડીલા ફાર્માસ્યુટિકલનાં સહયોગથી મેગા મેડીકલ કેમ્પ તેમજ વિવિધ આરોગ્ય લક્ષ્યી પ્રકલ્પોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે,સ્વસ્થ ગુજરાત,સમર્થ ગુજરાત માટે રાજ્ય સરકાર હંમેશા કટિબદ્ધ રહી છે.ડબલ એન્જીનની સરકારે હંમેશા સ્વાસ્થ્ય ક્ષેત્રે સરાહનીય કાર્ય કર્યું છે અને એનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચ્યો છે. આરોગ્ય મંત્રીશ્રીએ ઉમેર્યું હતુ કે,આપણા સમાજમાં એવા સમાજસેવી લોકો છે જેમને ભગવાને જે કંઈ પણ આપ્યું છે તે બીજાના ઉપયોગમાં મદદ થાય,આજે આવા વ્યક્તિઓ,સંસ્થાઓ,એન.જી,ઓ વગેરેએ જયારે કોરોના જેવી વિકટ સ્થિતિ હોય કે પછી પુર, વાવાઝોડું,ભૂકંપ જેવી હોનારતોમાં હંમેશા રાષ્ટ્રની સેવામાં પોતાની ભૂમિકા અદા કરી છે. આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે ,આજે અમદાવાદ સ્થિત અસારવા સિવિલ હોસ્પિટલએ "મેડી સિટી" તરીકે સમગ્ર ભારતભરમાં નામના મેળવી છે.ગુજરાત આજે ભારતનું જ નહિ પરંતુ વિશ્વનું મેડીકલ ટુરીઝમનું હબ બન્યુ છે. આ અવસરે ઈન્ડ્સ ટાવર ગુજરાત લિમિટેડના CSR ફંડના સહયોગથી નવીન આધુનિક ૪ (ચાર) એમ્બ્યુલન્સ સા.આ.કેન્દ્ર ઉમતા (વિસનગર)-૧,ઉદલપુર ( વિસનગર)-૧,ધાબળા (દાહોદ)-૧,અડવાણા (પોરબંદર)-૧ નો માન.મંત્રીશ્રી ના વરદહસ્તે લોકાર્પણ. કરવામાં આવ્યું હતું.તેમજ એ.પી.એમ.સી, વિસનગર તથા જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ, વડનગર અને સિવિલ હોસ્પિટલ, મહેસાણાના સંયોગથી મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. કેડીલા ફાર્માસ્યુટિકલ લિમિટેડ કંપનીના સહયોગથી મેઘા મેડિકલ કેમ્પ, જેમાં સિવિલ હોસ્પિટલ અમદાવાદના વિવિધ વિભાગોના તજજ્ઞો, ECG, સોનોગ્રાફી સુવિધા, જી. સી.આર .આઈ. ( કેન્સલ ઈન્સ્ટિટ્યૂટ અમદાવાદના તજજ્ઞો) કિડની ઈન્સ્ટિટચૂટ , અમદાવાદના તજજ્ઞો, યુ.એન મહેતા કાર્ડિયોલોજી હોસ્પિટલ, અમદાવાદના તજજ્ઞો અને હૃદયના નિદાન માટે ૨-D ECHO સહિતની સુવિધા,હૃદય રોગના તજજ્ઞો દ્રારા તપાસ, સારવાર, દવા વિતરણ, રેફરલ તેમજ ડાયરેક્ટર શ્રી, ગવર્મેન્ટ સ્પાઈન ઈન્સ્ટિટચૂટ અને પેરાપ્લેજીયા હોસ્પિટલ મારફતે તથા કૃત્રિમ અંગોનો નિદર્શન તથા લાભાર્થી કૃત્રિમ અંગ વિતરણ, જી.સી.આર.આઈ .(કેન્સલ ઈન્સ્ટિટચૂટ અમદાવાદ ના) ના સહયોગથી કેન્સલ નિદાન, મેમોગ્રાફી તથા પેપસમિયર માટે કેન્સર રથ દ્વારા આયોજન કરાયું હતું શ્રી ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ, અમદાવાદ બ્રાન્ચના સહયોગથી સ્થળ પર જઈ તૈયાર કરાતા કૃત્રિમ અંગોનો નિદર્શન તથા લાભાર્થે કુત્રિમ અંગ વિતરણ. સદભાવ ફાઉન્ડેશન, મહેસાણા દ્વારા એકવીસ (૨૧) સગર્ભા બહેનોને દત્તક લઈ છ માસ સુધી પોષણકીટ વિતરણ. સખી ફાઉન્ડેશન, વિસનગર દ્વારા અગિયાર (૧૧) સગર્ભા બહેનોને દત્તક લઈ છ માસ સુધી પોષણકીટ વિતરણ કરવામાં આવ્યું હતું. જહોનસન કંટ્રોલ - હિટાચી એરકન્ડિશનિંગ ઈન્ડિયા લિમિટેડ .કરણનગર કડીના સંયોગથી શાળાએ જતી કિશોરીઓને ૨૫ હજાર સેનેટરી નેપકીન વિતરણ.શ્રી જયેશ પટેલ, સુરત દ્વારા ૫ હીચરીંગએન્ડ (સાંભળવા માટેનું મશીન ) નું વિતરણ.શ્રી આઈ.એ. કડીવાલા ,સુરતના સહયોગથી ૩ વિલચેર ૧૦૦ બેબી કીટ વિતરણ,શ્રીજયેશપટેલ,સુરત દ્વારા ૫ હિયરિંગએડ( સાંભળવા માટેનું મશીન) નું વિતરણ.રાષ્ટ્રીય બાર સુરક્ષા કાર્યક્રમ અંતર્ગત જન્મજાત ખોરખાપણ માંથી સાજા થયેલા બાળકોને પ્રોત્સાહનના ભાગ રૂપે કિટ વિતરણ.હિમાલયા કંપનીના નવજાત બાળકો માટે ૧૦ બેબી કેર કીટ વિતરણ (બેબી શેમ્પૂ ,બેબી શોપ, બેબી ઓઈલ , એન્ટિસેપ્ટિક વગેરે).તમામ સહયોગી સંસ્થાઓ અને દાતાઓનું સન્માન કરાયું હતું વિસનગર તાલુકાની શાળાએ જતી કિશોરીઓની લોહીની ( હિમોગ્લોબિન ) તપાસ.વિસનગર તાલુકાની સગર્ભા બહેનોની છદ્ગઝ પ્રોફાઈલ લોહીની તપાસ પી.એમ.જે.વાય.- માં યોજના અંતર્ગત પી.એમ.જે.વાય.-માં એંરોલમેન્ટ કેમ્પ તેમજ કાર્ડ વિતરણ. આયુષ્માન ભારત ડિજિટલ મશીન અંતર્ગત આયુષ્માન ભારત હેલ્થ કેમ્પ તથા લાભાર્થીઓને હેલ્થ કાર્ડ વિતરણ. ભારત સરકાર તરફથી એનાયત થયેલ N.Q.A.S. અંતર્ગત પ્રા . કેન્દ્ર ,ગોઠવા અને ઝુલાસણ તેમજ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર , મેઉ, નંદાસન -૨ ને સર્ટિફિકેટ વિતરણ આભા કાર્ડ જનરેશનની કામગીરી બદલ શ્રેષ્ઠ કામગીરી કરનાર તાલુકા હેલ્થ ઓફિસર તેમજ મેડિકલ ઓફિસ નો સન્માન પત્ર વિતરણ. વિકલાંગતા સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવ્યું હતું. આ અવસરે જીલ્લા પંચાયતના પ્રમુખ પ્રહલાદ પરમાર, ધારાસભ્ય સર્વેશ્રી મુકેશભાઈ પટેલ,કરશનભાઈ સોલંકી, કિરીટભાઈ પટેલ ,જીલ્લા કલેકટર એમ.નાગરાજન ,જીલ્લા વિકાસ અધિકારી ડો.ઓમ પ્રકાશ,જીલ્લા પોલીસ અધીક્ષક અચલ ત્યાગી,વિસનગર તાલુકા અને નગરપાલિકાના પ્રમુખ, એ.પી.એમ.સી વિસનગરના ચેરમેન, જીલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી મહેશ કાપડિયા, આરોગ્ય વિભાગના અધિકારીગણ, કર્મચારીગણ, વિવિધ લાભાર્થીઓ, પ્રબુદ્ધ નાગરિકો હાજર રહ્યા હતા.

